આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૨૦૪ | ૫ ઓક્ટોબર, ૨૦૧૪, રવિવાર; આસો સુદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ઈસનપુર મોટામાં જમીન કૌભાંડ

## ઈસનપુર મોટા ગામની કિંમતી જમીન બારોબાર વેચી દેવાઈ : ભાઈઓના ભાગની સાડા ત્રણ વિઘા જમીન હતી

## મૃતક ફોઈના નામે ખોટુ કુલમુખત્યાર કરી કૌભાંડ આચરવામાં આવ્યું : ચિલોડા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર નજીક આવેલા ઈસનપુર મોટા ગામમાં આવેલી ભાઈઓના ભાગની સાડા ત્રણ વિઘા જમીન બારોબાર વેચી મારી કરોડોનું કૌભાંડ આચરવામાં આવ્યું હોવાનું ધ્યાને આવ્યું છે. મૃત્યુ પામેલી ફોઈના નામે ખોટુ કુલમુખત્યાર કરી બોગસ મહિલા બતાવીને કરોડોની જમીન રાયસણની એક પાર્ટીને વેચી દેવામાં આવી છે. ચિલોડા પોલીસે સાક્ષીઓ અને જમીન રાખનાર ત્રણેય આરોપીઓ તથા વેચનાર સામે ગુનો નોંધીને ઊંડી તપાસ શરૂ કરી છે.

ઈસનપુર મોટા ગામના અને હાલ અમદાવાદમાં રહેતા ભરતભાઈ સાંકળચંદ પટેલના દાદા શિવાભાઈ જોઈતાભાઈ પટેલના નામે ઈસનપુર મોટા ગામમાં સાડા ત્રણ વિઘા જમીન હતી. શિવાભાઈનું અવસાન બાદ તેમના ત્રણ સંતાનો પૈકી મોટા દિકરા સોમાભાઈના નામે વારસાઈ કરવામાં આવી હતી. સોમાભાઈનું અવસાન થતા તેમના વારસદાર તરીકે વિષ્ણુભાઈ, મધુબેન અને શારદાબેનના નામ આવ્યા હતા. ત્રણ સંતાનો પૈકી ૧૯૯૦માં વિષ્ણુ પટેલ અને ૨૦૦૩માં શારદાબેનનું અવસાન થયું હતું. દરમ્યાન વિષ્ણુ પટેલના વારસદારો ગિરીશ અને પંકજે વર્ષ ૨૦૦૭ માં જમીન રાયસણ ગામના સોમાભાઈ કેશાભાઈ પટેલને વેચી નાંખી દસ્તાવેજ કરાવી દીધો હતો. મૃતક ફોઈનું ખોટુ કુલમુખત્યાર બનાવી બોગસ મહિલા ઉભી કરી સમગ્ર કૌભાંડ આચરવામાં આવ્યું હોવાનું ધ્યાને આવતાં સાક્ષીઓ અને જમીન રાખનાર તથા વેચનાર સામે ચિલોડા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાવા પામ્યો છે. પી.આઈ. કે.એમ. પ્રીયદર્શીએ ગુનાની ઊંડી તપાસ શરૂ કરી છે.

## વર્ગ-૪ના કર્મયોગીને બોનસ અપાશે

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે રાજય સરકારના ચોથા વર્ગના અદના કર્મચારીઓ અને સેવકો દિવાળીના તહેવારો ઉમંગ ઉત્સાહથી ઉજવી શકે તે માટે રૂ. ૩૫૦૦ની મહત્તમ મર્યાદામાં બોનસ ચુકવવાનો નિર્ણય કર્યો છે.

ગુજરાત સરકારમાં ચોથા વર્ગના એકંદરે ૩૫૫૦૬ જેટલા કર્મચારીઓ સેવારત છે જેમાં વર્ગ-૪ના કર્મચારીઓ, પંચાયત, બોર્ડ નિગમો અને ૧૦૦ ટકા સરકારી અનુદાન મેળવતી સંસ્થાઓના કર્મયોગીઓનો સમાવેશ થાય છે તેમને રાજય સરકારના આ નિર્ણયથી રૂ. ૩૫૦૦ની મર્યાદામાં ૨૦૧૩-૧૪ના વર્ષ માટે બોનસ મળવાપાત્ર થશે.

## અન્ડર-૧૪ની ફૂટબોલ સ્પર્ધામાં ગાંધીનગર ચેમ્પીયન

### વશિષ્ટ જોષીએ ૧૧ ગોલ ફટકારી ટૂર્નામેન્ટમાં સૌથી વધુ ગોલ નોંધાવ્યા : ગાંધીનગરના ચાર ખેલાડીઓની રાષ્ટ્રીય ટીમ માટે પસંદગી

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લાની અન્ડર-૧૪ની ફૂટબોલની ટીમે રાજ્યકક્ષાએ પેનલ્ટી



શુટ આઉટમાં વડોદરાને ૪-૧ થી પરાજય આપી ચેમ્પીયનશીપ જીતી જિલ્લાનું ગૌરવ વધાર્યુ છે. રાષ્ટ્રકક્ષાએ સ્પર્ધા માટે ગાંધીનગર જિલ્લાના ચાર ખેલાડીઓની પસંદગીને લઈ જિલ્લાના રમતપ્રેમીઓ ખુશીઓથી ઝુમી ઉઠ્યા છે.

વડોદરા સામેના રોચક મુકાબલમાં પેનલ્ટી શુટ આઉટથી પરાજય આપી ચેમ્પીયનશીપ જીતનાર ગાંધીનગર જિલ્લાની આ ટીમે સુરતને ૬-૨ થી સેમીફાઈનલમાં પરાજય આપ્યો હતો તો ભરૂચને ક્વાર્ટર ફાયનલમાં ૯-૦થી

● અનુસંધાન પાન-૭ પર

HEAVY DISCOUNT SALE
પડદા - સોફાનું કાપડ
હોમલીનન, કાર્પેટ, મેટ્રેસીસ, હેન્ડીક્રાફ્ટ્સ વિગેરે
અમદાવાદમાં
એરો ડ્રેપ
સ્વસ્તીક સોસાયટી
મિર્ચ મસાલા રેસ્ટોરન્ટની પાછળ,
સી. જી. રોડ
Furnishing : 9274785033
Linen : 9375051087
પાર્કિંગ શો-રૂમ આગળ • દિવાળી સુધી રવિવારે ચાલુ ®
arodrape

ગાંધીનગર કલ્ચરલ ફોરમના ગરબાની ભવ્ય સફળતાના સાચા યશભાગી
થનગનતા ખેલૈયાઓ, તમામ નાગરિકો, પ્રાયોજકો, સહભાગી સંસ્થાઓ, એજન્સીઓ, સમગ્ર વહીવટી તંત્ર, પત્રકારો, તસવીરકારો, પ્રચાર માધ્યમો, તમામ સભ્યો અને
પ્રચંડ લોકવિશ્વાસ માટે સહુનો અંતઃકરણપૂર્વક આભાર...
- ગાંધીનગર કલ્ચરલ ફોરમ

જોઈએ છે
એક જાણીતી કંપની માટે ફુલટાઈમ / પાર્ટટાઈમ કોમ્પ્યુટર ઓપરેટર્સ / ડેટા એન્ટ્રી ઓપરેટર્સ જોઈએ છે. M.S. Officeની જાણકારી હોય તેવા ઉત્સુક વ્યક્તિઓએ નીચે જણાવેલ નંબર પર સંપર્ક કરવો.
ફોન નં. : ૨૩૨૮૭૪૨૪/૨૬
મો. : ૯૪૨૭૬ ૧૩૨૩૯

જોઈએ છે
• LED TV • LCD TV • Colour TV
જુના બંધ હાલતમાં
શૈલેષભાઈ : ૯૭૧૪૧ ૯૮૩૬૬

ગાંધીનગર માટે
આપનું LED TV, LCD TV & Colour TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી ફક્ત ફોન કરો
૧ થી ૩૦ સેક્ટર માટે
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
બ્લોક નં. ૩૧૬, ડબલ ડેકર, ચંદ્ર ફોટો સ્ટુડિયોની લાઈનમાં, બીજા માળે, સેક્ટર-૨૪, ગાંધીનગર
ફોન : ૨૩૨ ૮૭૧૧૫, મો. : ૯૭૧૪૧ ૯૮૩૬૬, ૯૪૨૬૨ ૭૦૪૮૧

જોઈએ છે
● ગુજરાતી ટાઈપીસ્ટ : ગર્લ્સ જોઈએ છે
● માર્કેટીંગ : બોયઝ જોઈએ છે. અનુભવી
Synergy Fresh
Phone No. 99787 93939

સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ રાજકોટ સંચાલિત
ગાંધી જયંતિ નિમિત્તે ખાદીમાં વિશેષ વળતર
ગુજરાત ખાદી ૨૫ % વળતર
ગુજરાત ખાદી તૈયાર કપડાં ૨૫ % વળતર
પરપ્રાંત ખાદી ૧૫ % વળતર
પરપ્રાંત ખાદી તૈયાર કપડાં ૧૫ % વળતર
રેશમ ખાદી ૧૫ % વળતર
વ્હાઈટ મેટલ મૂર્તિઓ, ઓક્સોડાઈઝ બેંગલ બોક્ષ, બાજઠ, ચંપલો, ગ્રામોદ્યોગના સાબુ, તલ તેલ, અનાજ, કઠોળ તેમજ ઘઉં, બાજરી, મઠ, અડદનો લોટ અને સરકારશ્રી દ્વારા માન્ય સ્ટીલ તેમજ વુડન ફર્નિચર ખરીદવાનું સ્થળ


ખાદી ગ્રામોદ્યોગ ભવન
સેક્ટર-૧૬, ગાંધીનગર, ફોન નં. ૨૩૨૨૨૩૩૩
ખાદી ગ્રામોદ્યોગ ભવન
સ્વામી વિવેકાનંદ બજાર, કિર્તિધામ સામે, વાવોલ
ગૃહ વસ્તુ ભંડાર
સેક્ટર-૧૬, ગાંધીનગર. ફોન નં. ૨૩૨૨૨૭૬૧
સમય : ૧૦-૩૦ થી ૭-૩૦ ● રીશેષ : ૨-૩૦ થી ૩-૩૦
નોંધ : ત્રણે કેન્દ્રો તા.૧/૧૦/૨૦૧૪ થી ૨૩/૧૦/૨૦૧૪ સુધી વેચાણ ચાલુ રહેશે.

હવે મેળવો
11.36% દ.વ.*
૬૦ મહિના મુદતની
ડીસીબી ફિક્સ્ડ ડિપૉઝિટ પર
આપની જમા રાશિને ૮ વર્ષ ૧ માસમાં બમણી કરો!!*
ડીસીબી બૅન્ક
સેક્ટર 16, ઘ રોડ, ગાંધીનગર
કૉલ કરે: 9825647075 / 9879204002 / 65730141
DCB Bank Limited (Formerly Development Credit Bank Limited)
DCB BANK